ગાંધીનગર સમાચાર

# સરસ્વતી વિદ્યાલય દ્વારા સમર કૅમ્પ સંપન્ન




સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬, ગાંધીનગર દ્વારા આયોજિત સમર કૅમ્પ સોમવારે સંપન્ન કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નગરસેવક હિરલબેન જોષી, શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા, આચાર્ય ગોપાલસિંહ અને મધુબેન તથા સમર કૅમ્પમાં ભાગ લેનારાં બાળકો અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. હિરલબેને બાળકોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે આવા કૅમ્પમાં ભાગ લેવાથી બાળકોમાં સારી ટેવોનો વકાસ થાય છે અને તેમનામાં સદ્‌ગુણો વિકસે છે. પ્રદીપસિંહ બિહોલાએ જીવનમાં હાસ્ય ઉપર ભાર મૂકતાં જણાવ્યું હતું કે હંમેશાં હસતાં રહેવું જોઈએ. પ્રસન્ન મનવાળાનાં અઘરાં કાર્યો પણ સહેલાં થઈ જાય છે. સમર કૅમ્પમાં ભાગ લેનારાં બાળકોને અતિથિઓના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ સમર કૅમ્પનું સંચાલન રોનક કંસારા દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



જય કમલેશભાઈ ત્રિવેદી
મો. ૭૮૭૪૬ ૮૩૧૨૬



શિવલાલ જે સોલંકી
મો. ૯૪૨૯૦ ૨૭૮૨૨



ટિકેન્દ્ર હિતલ પારેખ
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સૅપ્ટ દ્વારા ઉનાળુ પ્રદર્શન ખુલ્લું મુકાયું

ગાંધીનગર, તા. ૧૩

CEPT યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉનાળાના પ્રદર્શનને એકસાથે મૂક્યા છે. બધા વિદ્યાર્થીઓએ તેમનું કામ પ્રદર્શન કર્યું છે. તેનો ઉદઘાટન ૧૦ મેના રોજ થયો હતો અને ૧૪ મી મે, ૨૦૧૯ સુધી મુલાકાતીઓ માટે ખુલ્લો રહેશે.

L2 સ્ટુડિયો - ડિઝાઈનની ફેકલ્ટીમાં વિગતવાર ઉપરાંત, CEPT યુનિવર્સિટીએ લાગણીશીલ ઈમર્સિવ રિટેલ સ્પેસ અનુભવ બનાવવાના મુદ્દાને શોધી કાઢ્યું હતું. છૂટક અનુભવની આવશ્યકતાને પહોંચાડવા માટે આવશ્યક અનંત વિગતોની રચના કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સ્ટુડિયોનું કામ ત્રણ મુખ્ય તબક્કામાં કરવામાં આવ્યું હતું.




સંશોધનઃ પસંદગી અને અભ્યાસ અને પ્રવર્તમાન વૈભવી બ્રાંડ પછી, વિદ્યાર્થીઓએ તેમના પોતાના ક્લાયંટ સંક્ષિપ્ત અને તેમના પોતાના અનન્ય બ્રાંડનો વિકાસ કર્યો.

ડિઝાઈન : આ નવા બ્રાન્ડની કિંમતો અને લાક્ષણિકતાઓને ૨૭૫ મીર રિટેલ સ્પેસની ખ્યાલ ડિઝાઈનમાં અનુવાદિત કરવામાં આવી.

વિગતવાર : છેલ્લે, ડિઝાઈન વિગતવાર વિકસિત કરવામાં આવી હતી. ડિઝાઈનના તમામ ભાગોની યોજનાઓ, વિભાગો અને એલિવેશન ટેકનોલોજીઓના બાંધકામ, ટેકનોલોજીઓ, સામગ્રી, જંકશન અને સમાપ્તિના ઉપયોગને ધ્યાનમાં લઈને ટેકનિકલ બાંધકામ રેખાંકનો રૂપમાં તૈયાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને તેમના છૂટક ડિસ્પ્લે ફિક્સ્ચરનો ૧: ૧ પ્રોટોટાઈપ બનાવવાની તક મળી.

વિદ્યાર્થીઓને શિક્ષક નાંદી પરીખ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેમણે રિટેલ ડિઝાઈનના ક્ષેત્રે અતિશય અનુભવ કર્યો છે અને છેલ્લા ૧૫ વર્ષથી ઓસ્ટ્રેલિયા અને ન્યુઝિલેન્ડમાં રિટેલ ડિઝાઈનર તરીકે કામ કરી રહ્યા છે.



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજ દ્વારા ઠેર-ઠેર મૂંગા પશુઓને ઘાસચારો મળી રહે તે હેતુ રેલી યોજી ટહેલ નાખવામાં આવી હતી. દુષ્કાળ ધીમે પગલે આગળ વધી રહ્યો છે ત્યારે વનવગડામાં તથા ગ્રામ વિસ્તારનાં પશુઓ ઘાસ, પાણી વિના ટળવળી રહ્યાં છે. પશુઓને આ મુશ્કેલીમાંથી ઉગારવા માટે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા ઘાસચારા માટે લાખો રૂપિયાનું દાન થઈ ચૂક્યું છે. ઉપરાંત, પશુઓને પૂરતા પ્રમાણમાં ઘાસ મળી રહે તે માટે મોટા પ્રમાણમાં ઘાસનું વિતરણ પણ કરવામાં આવ્યું છે. મૂંગા પશુઓ માટે ઘાસચારા હેતુ સહાય એકત્ર કરવા ભક્તિ સંગીત જેવા કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

### સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા

# ૧૫મી જૂને 'સાજિંદા શોભા ગાંધીનગર' શિર્ષક હેઠળ ભવ્ય જાહેર શો યોજાશે

## જિલ્લાનાં વાદકોને પરફોર્મન્સ માટે જાહેર આમંત્રણ

ગાંધીનગર, તા. ૧૩

સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગ અને અન્ય સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫ જૂનના રોજ 'સાજિંદા શોભા ગાંધીનગર' શિર્ષક હેઠળ ભવ્ય જાહેર શો યોજવામાં આવ્યો છે.

ગિટાર, સિતાર, શહેનાઈ, વાયોલિન, વાંસળી, તબલાં, સેક્સાફોન, હાર્મોનિયમ, માઉથ ઓર્ગન વગેરેના ચુનંદા વાદકોને પસંદગીના આધારે પરફોર્મન્સની તક આ કાર્યક્રમ અંતર્ગત આપવામાં આવશે. આ વાદન સાથે ગુજરાતી-હિન્દી ગીતોની રસલ્હાણ પણ કરાવવામાં આવશે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા જિલ્લાનાં રહેવાસી અને ૧૫થી ૪૫ વર્ષની વય ધરાવતા વાદકોને તા. ૨૨ મે, ૨૦૧૯ સુધીમાં નામ, ગામ, ઉંમર, વાદ્ય વગેરેની વિગતો સહિત રજિસ્ટ્રેશન (મો. ૯૬૬૨૦ ૨૩૧૩૫, ઈ-મેઈલ : bngajjar23@gmail.com)કરાવવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.


પસંદગી રાઉન્ડ તા. ૨૬ મેના રોજ સવારે ૯.૩૦થી સ્મિત મ્યુઝિક સ્ટુડિયો, ૧૧૩, સુમન સિટી, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે એમ સંસ્થાનાં અગ્રણી જ્યોતિ-ભરત ગજ્જર દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે

# 'ક્લાન્ત'ના ૧૬૨મા જન્મદિન પ્રસંગે 'સહજનો સંગ' સાહિત્યિક વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૩

ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૭ મે ૨૦૧૯, શુક્રવારના રોજ, સાંજે ૫-૩૦ કલાકે, આત્મા હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે, ગુજરાતી ગઝલના પ્રથમ ગઝલકાર એટલે ગુજરાતી ગઝલના પિતા એવા કવિ, અનુવાદક બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયા 'ક્લાન્ત'ના ૧૬૨મા જન્મદિન પ્રસંગે 'સહજનો સંગ' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.



ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા ભૂમિકા રજૂ કરશે.

બાલાશંકર કંથારિયાના જીવન વિશે ડૉ.હરીશ દ્વિવેદી અને બાલાશંકર કંથારિયાની કાવ્યસૃષ્ટિ વિશે ડૉ. રશીદ મીર વક્તવ્ય આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' કરશે. આ પ્રસંગે સાહિત્યકારો અને સાહિત્યરસિક જનતા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

# ગાંધીજીનો વિનોદ

॥ સત્યાવીસમો મણકો ॥

### ૭૩ - મારો સામાન

કચ્છ પહેરેલા પોશાકમાં ગાંધીજી સ્ટીમરમાંથી ઈંગ્લેન્ડના કિનારે ઊતર્યા. બહાર જતાં પહેલાં કસ્ટમનો અધિકારી તેમનો સામાન તપાસવા આવ્યો. બીજા મુસાફરો જેવો સામાન ગાંધીજી પાસે ન હતો. એટલે તપાસવાનું શું હોય ? છતાં નિયમ પ્રમાણે કસ્ટમ અધિકારીએ ગાંધીજીને સામાન વિશે પૂછ્યું, તમારો સામાન બતાવો.

ગાંધીજી : હું તો ગરીબ ભિક્ષુક છું. મારી પાસે સામાનમાં છ રેંટિયા, જેલની થાળી, બકરીનું દૂધ રાખવાનું એક ટિન, કચ્છ અને ટુવાલ મળીને છ નંગ કપડાં છે. અને તમે જાણો છો ને કે એવા માણસ તરીકે મારી આબરૂ પમ બહુ હોઈ શકે નહીં !

કસ્ટમ અધિકારી ગાંધીજીનો વિનોદ સાંભળતાં જ હસી પડ્યો અને તેમને જવા દીધા !

### ૭૪ - લુચ્ચો ગાંધી

હિંદના પ્રશ્નના ઉકેલ માટે લૉર્ડ માઉન્ટબૅટન અને ગાંધીજીની મુલાકાત બે કલાક ચાલી પણ બંને કોઈ ચોક્કસ મુદ્દા પર એકમત થઈ શક્યા નહીં. અંતે લૉર્ડ માઉન્ટબૅટને પૂછ્યું, પણ આ કોકડાનો ઉકેલ શો ?

ગાંધીજી હિંદના ભાગલાના વિરોધી હતા, તેથી તેમણે કહ્યું,


હાલની નહેરુની કૅબિનેટ બરતરફ ખરો અને બધા જ મુસ્લિમ પ્રધાનોવાળું પ્રધાનમંડળ રચવા ઝીણાને આમંત્રણ આપો.

માઉન્ટબૅટન : તમારી આ દરખાસ્ત અંગે ઝીણાના શા પ્રત્યાઘાત હશે ?

ગાંધીજી : ઝીણા એમ કહેશે કે વળી આ લુચ્ચો ગાંધી દરખાસ્ત લઈને ફરીથી આવ્યો.

ગાંધીજીનો જવાબ સાંભળતાં જ માઉન્ટબૅટન હસી પડ્યા અને હસતાં હસતાં જ તેમણે ઉમેર્યું, એમ કહેવામાં તે સાચા નહીં ઠરે ?

ગાંધીજી : ના, હું તદ્દન પ્રામાણિકતાથી કહું છું. તમારા પુરોગામીએ જે પાપ કરેલાં છે તેનાં પરિણામોનો તમારે સામનો કરવો જ રહ્યો.




'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# ઉદય ઈન્ડિયા ચેસ ટ્રોફીનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૩

ઉદય ઈન્ડિયા ચેસ ટ્રોફીનું આયોજન ફીશર ચેસ કલબ દ્વારા ચેસ એકેડેમી, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યુ હતું. આ ટ્રોફીમાં અન્ડર-૯, અન્ડર-૧૩ અનો અન્ડર-૧૭ એમ કુલ ત્રણ ગ્રુપમાં ખેલાડીઓએ ભાગ લીધેલ હતો. આ હરીફાઈનું સંચાલન અને સહયોગ આનંદ ચેસ એસોસીએશનના જોઈન્ટ સોક્રેટરી મનીષભાઈ તોમજ ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશનના વાઈસ



પ્રેસીડન્ટ મયૂરભાઈ પટેલે કર્યુ હતું. ૧૦૦ જેટલા ખેલાડીઓએ જુદા જુદા ગ્રુપમાં ભાગ લીધો હતો. દરેક ગ્રુપમાં ૧૦ ટ્રોફી એનાયત કરવામાં આવેલ હતી તોમજ બો દિવસ બાળકોનો નિઃશુલ્ક ભોજનનો પ્રબંધ ઉદય ઈન્ડિયા દ્વારા સ્પોન્સર કરવામાં આવેલ. આ હરીફાઈમાં ગુજરાત સ્ટેટના ચેમ્પીયન અન્ડર-૭ કિયાન શાહે તેમજ દ્વીતીય ખેલાડી આરવ શાહે પણ ભાગ લીધેલ હતો. કુલ ૧૦ જેટલા ઈન્ટરનેશનલ રેટેડ ખેલાડીઓએ પણ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. હરીફાઈ ખૂબ જ રસપ્રદ રહી હતી. ટુર્નામેન્ટના અંતે આનંદ ચેસ એસોસીએશન દ્વારા ઉદય ઈન્ડિયાનો તેમજ મીડીયાનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. ઈનામ વિતરણ સમારંભમાં ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશનના સેક્રેટરી ભાવેશ પટેલ તેમજ વાઈસ પ્રેસીડન્ટ મયૂર પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ ઉદય ઈન્ડિયા તરફથી મનિષ શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. નેશનલ આર્બિટર ધર્મેન્દ્ર પંડ્યા તેમજ ઈન્ટરનેશનલ આર્બિટર ઈન્દુભાઈ પરમાર પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શ્રમિકોને છાશનું વિતરણ





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શનિવારના દિવસે ગાંધીનગરથી વાંટડા (તા. મોડાસા) સુધીના વિસ્તારમાં છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના સ્વયંસેવકોએ સવારે ૯ વાગ્યે નીકળી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર જ્યાં રસ્તાનું કામ ચાલી રહ્યું છે ત્યાં કામ કરી રહેલા શ્રમિકોને છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. એકલદોકલ શ્રમિક પણ ક્યાંય દેખાય તો તેમને પણ છાશ આપવામાં આવી હતી. પ્રત્યેક શ્રમિકને ૫૦૦ મિલી છાશ આપવામાં આવી હતી. ૩ કલાક ચાલેલા આ સેવાકાર્યમાં ભરત ભરવાડ, મહર્ષિ, શૈલેષ વાલ્મિકી, મિહિર પંચાલ અને મિલિન્દ ગુપ્તે દ્વારા જોડાયા હતા.